| | |
|---|---|
| દાખલ તારીખઃ– | ૧૭–૦૭–૨૦૧૯ |
| નોંધણી તારીખ | ૧૭–૦૭–૨૦૧૯ |
| ફેસલ તારીખઃ– | ૨૦–૦૬–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ ૦૬ માસઃ ૧૧ દિવસઃ ૦૩ |

सत्य मेव जयते

---

## બાવળા તાલુકાના મહે.એડી. સીવીલ જજ અને જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા.બાવળા, જિ.અમદાવાદ(ગ્રામ્ય)

---

| | |
|---|---|
| **ક્રિમીનલ કેસ નં.** | **૩૦૫/૨૦૧૯** |
| **આંકઃ–** | |

**<u>ફરિયાદીઃ–</u>** **સરકારશ્રી**

**<u>વિરુદ્ધઃ–</u>**

**<u>આરોપીઓઃ–</u>**

(૧) **યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ મહિપતસિંહ ડાભી,**
રહે.ડાભી ફળી, બગોદરા, બાવળા,
અમદાવાદ ગ્રામ્ય

(૨) **જીતેન્દ્રભાઈ ભાયલાલભાઈ માણેક,**
રહે.ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, બગોદરા, બાવળા,
અમદાવાદ ગ્રામ્ય.

(૩) **દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો મહિપતસિંહ ડાભી,**
રહે.ડાભી ફળી, બગોદરા, બાવળા,
અમદાવાદ ગ્રામ્ય.

(૪) **દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો જલુભાઈ ડાભી,**
રહે.મોડાસાર, સાણંદ, અમદાવાદ ગ્રામ્ય.

**<u>ફરિયાદી તર્ફે વિ.વ.શ્રીઃ–</u>** **એ.પી.પી.શ્રી તેજલબેન વી.શાહ**

**<u>આરોપી તર્ફે વિ.વ.શ્રીઃ–</u>** **કે.પી.વાઘેલા**

**ગુનોઃ– <u>પ્રોહી. એક્ટની કલમઃ–૬૫ (ઈ), ૯૮(૨), ૮૧ મુજબ.</u>**

## :: ચુકાદો ::

(૧) **ફરિયાદની ટુંકમાં હકીકતઃ–**

હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તા.૦૯–૦૨–૨૦૧૯ ના કલાકઃ–૨૧.૩૦ વાગ્યે મોજે બગોદરા ગામ સત્યજીત હોટલ સામે આરોપી નં.૧ જીતેન્દ્રભાઈ ભાયલાલભાઈ માણેક તથા (૨) યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ મહિપતસિંહ ડાભી તથા (૩) દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો મહિપતસિંહ ડાભીનાઓએ પોતાના કબજામાં વગર પાસ પરમીટે પરપ્રાંતની ઈગ્લીશ દારુની બોટલો કુલ નંગ–૯ કિંમત રુ.૪,૫૦૦/– તથા એક બેગ પાઈપર ક્લાસીક વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી લખેલ સીલ તુટેલ બોટલ નંગ–૧ કિંમત રુ.૪૦૦/– તથા એક મોટર સાયકલ કિંમત રુ.૧૫,૦૦૦/– તથા મોબાઈલ નંગ–૪ કિંમત રુ.૧૧,૫૦૦/– મળી કુલ કિંમત રુ.૩૧,૪૦૦/– ની રાખી દારુની હેરાફેરી કરતા પકડાઈ ગયેલ હોય તથા આરોપી નં.૩ દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો જીલુભાઈ ડાભીનાઓએ ઈગ્લીશ દારુ આપી પ્રોહી. એક્ટની કલમઃ–૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો કરેલ હોવાની સંબંધીત પોલીસ તપાસ અધિકારીએ તપાસ કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલું છે.

(૨) આ અદાલત દ્વારા આરોપીને હાજર થવા માટે સી.આર.પી.સી. ની કલમઃ–૨૦૪ અન્વયે સમન્સ કાઢતા, જે સમન્સ આરોપીને બજી જતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થતાં, સી.આર.પી.સી. ની કલમઃ–૨૦૭ મુજબ તેઓને તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલી.

(૩) ત્યારબાદ આરોપીઓ વિરુદ્ધ આંકઃ–૦૭ થી તહોમતનામુ ફરમાવી ત્યારબાદ આંકઃ–૦૮ થી ૧૧ સુધી થી આરોપીઓની સદર ગુના સબબની પ્લી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે અને ન્યાયીક કાર્યવાહીની માંગણી કરેલ છે.

ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

## ફરિયાદપક્ષના સાક્ષીઓની જુબાનીનો આંકઃ-

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| **૦૧** | પંચ સાહેદ જશવંતભાઈ ભુપતસિંહ ડાભીની જુબાની | ૧૩ |
| **૦૨** | પંચ સાહેદ વિજયસિંહ ભીખુસિંહ ચૌહાણની જુબાની | ૧૪ |
| **૦૩** | ફરિયાદી કિશોરસિંહ કુંવરસિંહ પરમારની જુબાની | ૩૧ |
| **૦૪** | સાહેદ પ્રતાપસિંહ અગરસિંહ જાદવની જુબાની | ૩૪ |

## દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| **૦૧** | પંચનામુ | ૧૫ |
| **૦૨** | ફરિયાદ | ૩૨ |

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી એ પુરાવો પુરો થયાનું જાહેર કરતા આ કામે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામે આરોપીઓ વિરુદ્ધનો પુરાવો જણાતા આરોપીઓનું સી.આર.પી.સી. ની કલમઃ-૩૧૩ અન્વયેનું નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ઉભયપક્ષે સી.આર.પી.સી. ની કલમઃ-૩૧૪ મુજબ વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૬) ઉપરોક્ત હકીકતના આધારે ફરિયાદપક્ષનો કેસ, આરોપીઓનો બચાવ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

## મુદ્દાઓઃ-

(૧)શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના

આરોપીઓ તા.૦૯-૦૨-૨૦૧૯ ના કલાકઃ-૨૧.૩૦ વાગ્યે મોજે બગોદરા ગામ સત્યજીત હોટલ સામે આરોપી નં.૧ જીતેન્દ્રભાઈ ભાયલાલભાઈ માણેક તથા (૨) યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ મહિપતસિંહ ડાભી તથા (૩) દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો મહિપતસિંહ ડાભીનાઓએ પોતાના કબજામાં વગર પાસ પરમીટે પરપ્રાંતની ઈગ્લીશ દારુની બોટલો કુલ નંગ-૯ કિંમત રુ.૪,૫૦૦/- તથા એક બેગ પાઈપર ક્લાસીક વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી લખેલ સીલ તુટેલ બોટલ નંગ-૧ કિંમત રુ.૪૦૦/- તથા એક મોટર સાયકલ કિંમત રુ.૧૫,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૪ કિંમત રુ.૧૧,૫૦૦/- મળી કુલ કિંમત રુ.૩૧,૪૦૦/- ની રાખી દારુની હેરાફેરી કરતા પકડાઈ ગયેલ હોય તથા આરોપી નં.૩ દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો જીલુભાઈ ડાભીનાઓએ ઈગ્લીશ દારુ આપી પ્રોહી. એક્ટની કલમઃ-૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**(૧)** નકારમાં

**(૨)** આખરી હુકમ મુજબ.

## <u>કારણોઃ-</u>

(૮) **<u>મુદ્દા નં.૧ તથા ૨-</u>**

**(૮.૧)** આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટની કલમઃ-૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે, તેવા સમયે આરોપીઓ વિરુદ્ધનું તહોમત વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શીરે છે.

**(૮.૨) સદર કામે ફરિયાદપક્ષ તરફે આંકઃ-૧૩ થી પંચ સાહેદ જશવંતભાઈ ભુપતસિંહ ડાભીનાઓએ સોગંદ પર જુબાની આપેલ**

**છે જેમાં તેઓએ જણાવેલ છે કે,** પોલીસે કેટલા સમય પહેલા, કઈ જગ્યાએ પંચ તરીકે સહી કરાવેલી તેની સાહેદને ખબર નથી. તેમજ પંચનામાની હકીકત વિશે સાહેદ કઈ જાણતા નથી. પંચ સાહેદે પંચનામામાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

➔ સદર પંચ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી હકીકતો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ ન હોય તેમને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે અને આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તૈયાર પંચનામામાં સાહેદની સહી લીધેલ હોવાની તથા પંચનામા બાબતે સાહેદ કઈ જાણતા ન હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૮.૩) **સદર કામે ફરિયાદપક્ષે આંકઃ-૧૪ થી પંચ સાહેદ વિજયસિંહ ભીખુસિંહ ચૌહાણનાઓએ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,** પોલીસે કેટલા સમય પહેલા, કઈ જગ્યાએ પંચ તરીકે સહી કરાવેલી તેની સાહેદને ખબર નથી. તેમજ પંચનામાની હકીકત વિશે સાહેદ કઈ જાણતા નથી. પંચ સાહેદે પંચનામામાં પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

➔ સદર પંચ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી હકીકતો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ ન હોય તેમને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે અને આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તૈયાર પંચનામામાં સાહેદની સહી લીધેલ હોવાની તથા પંચનામા બાબતે સાહેદ કઈ જાણતા ન હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૮.૪) **સદર કામે ફરિયાદપક્ષે આંકઃ-૩૧ થી ફરિયાદી કિશોરસિંહ કુંવરસિંહ પરમારનાઓએ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,** તા.૦૯-૦૨-૨૦૧૯ ના રોજ ફરિયાદી બગોદરા પોલીસ સ્ટેશનમાં અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા,

ત્યારે ના.પો.અધિક્ષકશ્રી, ધોળકા વિભાગનાઓને બાતમી હકીકત મળેલ કે, બગોદરા ગામમાં રહેતા દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો મહિપતસિંહ ડાભી તથા યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ ડાભી વિદેશી દારૂનું વેચાણ કરે છે અને હાલમાં સત્યજીત હોટલ ખાતે આવેલ શિવમ મોબાઈલની દુકાનમાં ડીલીવરી કરવા ગયેલ છે. જે આધારે ના.પો.અધિક્ષકશ્રીના પોલીસ સ્ટાફના અ.હે.કોન્સ મહેશભાઈ ગોરધનભાઈ તથા હર્ષદભાઈ તથા બગોદરા પોલીસ સ્ટેશનના જયદિપસિંહ ભુપતસિંહનાઓ ખાનગી વાહનમાં બેસી શિવમ મોબાઈલની દુકાનમાં જતા એક ઈસમ ખુરસીમાં બેસી સ્ટીલના ગ્લાસમાં કંઈક પીતા જણાયેલ અને ખુરશીના નીચે ઈંગ્લીશ દારૂની બોટલ સીલ તુટેલી હાલતમાં પડેલ હતી, તેની પાસે એક બીજો ઈસમ ઉભો હતો. જેથી નજીકમાંથી બે પંચોના માણસોને બોલાવી ખુરશીમાં બેસેલ ઈસમનું નામ પુછતાં પોતાનું નામ જીતેન્દ્રભાઈ ભાયલાલભાઈ માણેક રહે.બગોદરાના હોવાનું જણાવેલ તથા તેની પાસે ઉભેલા ઈસમનું નામ–ઠામ પુછતાં પોતે પોતાનું નામ યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ ડાભી રહે.બગોદરાનો હોવાનું જણાવેલ, જેને પંચો રૂબરુ પુછપરછ કરતા સદર વિદેશી દારૂ પોતાનો ભાઈ દિગ્વિજયસિંહનાઓ ચાર દિવસ પહેલા તેમના માસીના દિકરા દિગ્વિજયસિંહ જીલુભાઈ ડાભી રહે. મોડાસાનાનો આપી ગયેલાની હકીકત જણાવેલ, જે વિદેશી દારૂ તેમના ઘરના સંડાશમાં રાખેલ છે. જે આધારે સદરીને સાથે રાખી રેઈડ કરતા વિદેશી દારૂની નવેક બોટલ સંડાશમાંથી મળી આવેલ. જે બાબતે સાથેના પો.સ.ઈ. પી.એ.જાદવનાઓએ કલાકઃ–૨૦.૧૫ થી કલાકઃ–૨૧.૩૦ સુધીનું પંચનામુ કરી સદરી ઈસમો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ. ફરિયાદીએ બગોદરા પોલીસ સ્ટેશને ફરિયાદ આપેલી. ફરિયાદીએ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે

➔ ત્યારબાદ આરોપીપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં

ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનથી સરકારી કામ અર્થે નિકળવાનું થાય તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની થાય, કહેવાતી કામગીરીમાં પ્રાથમિક પંચનામું કરવાનું થયેલ નહી, કહેવાતી કામગીરીમાં પ્રોહી. ની કલમઃ–૧૨૦(બી) નો ઠરાવ કરવાનો થયેલ નહી, કહેવાતી જગ્યાએ માણસોની અવર–જવર હોય છે અને આજુબાજુ ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે અને ઘણા બધા માણસોની હાજરી પણ હોય છે, ફરિયાદ અને પંચનામાવાળી જગ્યામાં રહેણાંક મકાનોમાં કેટલા માણસો રહે છે તેની કોઈ ખરાઈ કરવાની થયેલ નહી, ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાએ કોઈ વાહન કે માણસ ઉભો હોય આજુબાજુમાંથી દુરથી જોઈ શકાય તેવી છે, ફરિયાદીની ફરિયાદમાં કોઈ પંચોના નામ જણાવેલા નથી, ફરિયાદમાં પોલીસ સ્ટેશનથી નિકળવાનો કે કહેવાતી જગ્યાએ પહોંચવાનો કે કહેવાતી બાતમીનો ચોક્કસ સમય જણાવેલ નથી, ફરિયાદીની ફરિયાદમાં ખાનગી વાહનનો નંબર જણાવેલ નથી, ફરિયાદમાં કહેવાતી જગ્યાનું ચોક્કસ વર્ણન ક્યાય જણાવેલ નથી તેમજ ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાનું ચર્તુર દિશાનું વર્ણન જણાવેલ નથી.

(૮.૫) **સદર કામે ફરિયાદપક્ષે આંકઃ–૩૪ થી સાહેદ પ્રતાપસિંહ અગરસિંહ જાદવનાઓએ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,** તા.૦૯–૦૨–૨૦૧૯ ના રોજ સાહેદ બગોદરા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે ના.પો.અધિક્ષકશ્રી, ધોળકા વિભાગનાઓને બાતમી હકીકત મળેલ કે, બગોદરા ગામમાં રહેતા દિગ્વિજયસિંહ ઉર્ફે દીગો મહિપતસિંહ ડાભી તથા યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ ડાભી વિદેશી દારૂનું વેચાણ કરે છે અને હાલમાં સત્યજીત હોટલ ખાતે આવેલ શિવમ મોબાઈલની દુકાનમાં ડીલીવરી કરવા ગયેલ છે. જે આધારે ના.પો.અધિક્ષકશ્રીના પોલીસ સ્ટાફના અ.હે.કોન્સ

મહેશભાઈ ગોરધનભાઈ તથા હર્ષદભાઈ તથા બગોદરા પોલીસ સ્ટેશનના જયદિપસિંહ ભુપતસિંહ તથા કિશોરસિંહ કુંવરસિંહનાઓ ખાનગી વાહનમાં બેસી શિવમ મોબાઈલની દુકાનમાં જતા એક ઈસમ ખુરશીમાં બેસી સ્ટીલના ગ્લાસમાં કંઈક પીતા જણાયેલ અને ખુરસીના નીચે ઈંગ્લિશ દારૂની બોટલ સીલ તુટેલી હાલતમાં પડેલ હતી, તેમની પાસે એક બીજો ઈસમ ઉભો હતો. જેથી નજીકમાંથી બે પંચોના માણસોને બોલાવી ખુરશીમાં બેસેલ ઈસમનું નામ પુછતાં પોતાનું નામ જીતેન્દ્રભાઈ ભાયલાલભાઈ માણેક રહે.બગોદરાના હોવાનું જણાવેલ તથા તેની પાસે ઉભેલા ઈસમનું નામ–ઠામ પુછતાં પોતે પોતાનું નામ યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ ડાભી રહે.બગોદરાનો હોવાનું જણાવેલ, જેને પંચો રૂબરૂ પુછપરછ કરતા સદર વિદેશી દારૂ પોતાનો ભાઈ દિગ્વિજયસિંહનાઓ ચાર દિવસ પહેલા મારા માસીના દિકરા દિગ્વિજયસિંહ જીલભાઈ ડાભી રહે.મોડાસાનાઓ આપી ગયેલાની હકીકત જણાવેલ, જે વિદેશી દારૂ અમારા ઘરના સંડાશમાં રાખેલ છે. જે આધારે સદરીને સાથે રાખી રેઈડ કરતા વિદેશી દારૂની નવેક બોટલ સંડાશમાંથી મળી આવેલ. જે કામે સાહેદની રૂબરૂ કિશોરસિંહ કુંવરસિંહનાઓએ ફરિયાદ આપેલી. જે ફરિયાદ વંચાણે લઈ જેનુ પંચનામુ પંચોની હાજરીમાં કરી લીધેલ. તપાસના કામે સાહેદનાઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદન લીધેલા. મુદ્દામાલ ચકાસણી માટે એફ.એસ.એલ.માં મોકલેલ. ત્રણ આરોપીને નામદાર કોર્ટમાં રજૂ કરેલ અને અન્ય ચોથા દિગ્વિજયસિંહ દિલુભા ડાભીના આગોતરા જામીન મંજૂર થયેલ હોય તે અંગે કાર્યવાહી કરેલ. તપાસના અંતે પુરતો પુરાવો જણાતા આરોપીઓ વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

➔ ત્યારબાદ આરોપીપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનથી સરકારી કામ અર્થે નિકળવાનું થાય તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની થાય,

કહેવાતી કામગીરીમાં પ્રાથમિક પંચનામું કરવાનું થયેલ નહી, કહેવાતી કામગીરીમાં પ્રોહી. ની કલમઃ–૧૨૦(બી) નો ઠરાવ કરવાનો થયેલ નહી, કહેવાતી જગ્યાએ માણસોની અવર–જવર હોય છે અને આજુબાજુ ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે અને ઘણા બધા માણસોની હાજરી પણ હોય છે, ફરિયાદ અને પંચનામાવાળી જગ્યામાં રહેણાંક મકાનોમાં કેટલા માણસો રહે છે તેની કોઈ ખરાઈ કરવાની થયેલ નહી, ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાએ કોઈ વાહન કે માણસ ઉભો હોય આજુબાજુમાંથી દુરથી જોઈ શકાય તેવી છે, સાહેદ રૂબરૂની ફરિયાદમાં કોઈ પંચોના નામ જણાવેલા નથી અને પંચોને કોણે બોલાવેલ તે હકીકત જણાવેલ નથી, કહેવાતી બાતમી અંગેની જાણકારી ક્યા માધ્યમથી મળેલ તે ફરિયાદમાં જણાવેલ નથી, સાહેદની ફરિયાદમાં બનાવવાળી જગ્યાએ જવા માટે કેટલા વાગે નીકળેલા અને કેટલા વાગે પહોંચેલા તે હકીકત જણાવેલ નથી, સાહેદની ફરિયાદમાં ખાનગી વાહનનો પ્રકાર અને વાહનનો નંબર જણાવેલ નથી, ફરિયાદમાં કહેવાતી જગ્યાનું ચોક્કસ વર્ણન ક્યાય જણાવેલ નથી તેમજ ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાનું ચર્તુરદિશાનું વર્ણન જણાવેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસના કામે લીધેલ નથી તથા તપાસના કામે કોઈ સ્ટેશન ડાયરીનો ઉતારો પણ લીધેલ નથી, તપાસના કામે સાહેદે મકાનના માલિકી કબજાનો કોઈ આધાર પુરાવો લીધેલ નથી, તપાસના કામે સાહેદે કોઈ કોલ–ડિટેલ્સ લીધેલ નથી, તપાસના કામે કોઈ આલ્કોહોલ બનાવતી કંપનીની મુલાકાત લીધેલ નહી.

(૯) આમ, રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરિયાદપક્ષ તરફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષે આંકઃ–૧૫ થી પંચનામુ રજુ રાખેલ છે. જે પંચનામાના પંચસાહેદને ફરિયાદપક્ષે આંકઃ–૧૩, ૧૪ થી તપાસવામાં આવેલા છે જેમાં સાહેદો

ફરિયાદપક્ષને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી અને ત્યારબાદ આરોપીપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચ સાહેદોએ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. જેથી સદર પંચનામુ પુરાવા અધીનિયમની જોગવાઈ અનુસાર પુરવાર થયેલ નથી. વધુમાં, સદર પંચનામાને અક્ષરસહ માની લઈ વંચાણે લેવામાં આવે તો પણ તેનાથી ગુનાવાળી જગ્યાની સ્થળ-સ્થિતિનો તાગ મળેલ છે તેના વિશે આરોપીને સાંકળતો કોઈ પુરાવો સદર પંચનામા પરથી જણાય આવતો નથી જેથી પંચનામુ ફરિયાદપક્ષને મદદરૂપ થતું નથી.

(૯.૧) આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા અન્ય સાહેદ પોલીસ સાહેદ છે કે જેઓ હીત ધરાવનાર સાહેદ ગણી શકાય. બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તારવાળી આવેલ હોય અને આજુબાજુમાં ઘણા બધા મકાનો આવેલ હોવા છતાં અને ત્યાં ઘણા બધા માણસોની અવર જવર રહેતી હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. વધુમાં, ફરિયાદી તથા અન્ય સાહેદનાઓની આરોપીપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં તપાસના કામે કોઈ સ્ટેશન ડાયરીનો ઉતારો પણ લીધેલ નથી, તપાસના કામે સાહેદે મકાનના માલિકી કબજાનો કોઈ આધાર પુરાવો લીધેલ નથી, તપાસના કામે સાહેદે કોઈ કોલ-ડિટેલ્સ લીધેલ નથી, તપાસના કામે કોઈ આલ્કોહોલ બનાવતી કંપનીની મુલાકાત લીધેલ નહી, ફરિયાદમાં કહેવાતી જગ્યાનું ચોક્કસ વર્ણન ક્યાય જણાવેલ નથી તેમજ ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાનું ચર્તુર દિશાનું વર્ણન જણાવેલ ન હોવાની હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલ છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદ પણ ફરિયાદપક્ષના પુરાવાને બિલકુલ સમર્થન કરતા નથી ત્યારે આ કામે પકડાયેલ મુદ્દામાલ આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ હોવાનું સ્વીકારી શકાય નહી. વધુમાં, પ્રોસીક્યુશન તરફે આ મુદ્દામાલનો એફ.એસ.એલ. રિપોર્ટ રજુ કરેલ

નથી. તેથી તે હકીકત પણ પુરવાર થઈ શકતી નથી કે પકડાયેલ મુદ્દામાલ વિદેશી દારુની બોટલ હતી કે કેમ તે બાબતે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ હોવાનું માની શકાય તેમ નથી.

(૧૦)જેથી ફરીયાદપક્ષ તે હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આ કામના આરોપીઓ તા.૦૯–૦૨–૨૦૧૯ ના કલાકઃ–૨૧.૩૦ વાગ્યે મોજે બગોદરા ગામ સત્યજીત હોટલ સામે આરોપી નં.૧ જીતેન્દ્રભાઈ ભાયલાલભાઈ માણેક તથા (૨) યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ મહિપતસિંહ ડાભી તથા (૩) દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો મહિપતસિંહ ડાભીનાઓએ પોતાના કબજામાં વગર પાસ પરમીટે પરપ્રાંતની ઈંગ્લીશ દારુની બોટલો કુલ નંગ–૯ કિંમત રુ.૪,૫૦૦/– તથા એક બેગ પાઈપર ક્લાસીક વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી લખેલ સીલ તુટેલ બોટલ નંગ–૧ કિંમત રુ.૪૦૦/– તથા એક મોટર સાયકલ કિંમત રુ.૧૫,૦૦૦/– તથા મોબાઈલ નંગ–૪ કિંમત રુ.૧૧,૫૦૦/– મળી કુલ કિંમત રુ.૩૧,૪૦૦/– ની રાખી દારુની હેરાફેરી કરતા પકડાઈ ગયેલ હોય તથા આરોપી નં.૩ દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો જીલુભાઈ ડાભીનાઓએ ઈંગ્લીશ દારુ આપી પ્રોહી. એક્ટની કલમઃ–૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો કરેલ છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમઃ–

(૧) આ કામનાં આરોપીઓ **(૧) યુવરાજસિંહ ઉર્ફે મોન્ટુ મહિપતસિંહ ડાભી (૨) જીતેન્દ્રભાઈ ભાયલાલભાઈ માણેક (૩) દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો મહિપતસિંહ ડાભી (૪) દિગ્વીજયસિંહ ઉર્ફે દીગો જલુભાઈ ડાભીનાઓને** સી.આર.પી.સી ની કલમઃ–૨૫૫(૧) અન્વયે પ્રોહી.એક્ટની કલમઃ– ૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી. ની કલમઃ-૪૩૭(એ) ની જોગવાઈ મુજબ સંભવિત અપીલના હેતુ માટે આરોપીના દરેકના રુ.૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો છ માસના સમયગાળા માટે અસ્તિત્વમાં રહેશે. ત્યારબાદ આરોપીના જામીન રદ્દ કરી જામીનદારને મુક્ત કરવા.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીથી કબજે લીધેલ મુદ્દામાલ દારુ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ માલિકીની ખરાઈ કરી પરત કરવો અથવા સદર કામે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેને બીન શરતી કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૦-૦૬-૨૦૨૬**
**સ્થળઃ-બાવળા**

**(નેહા દિનેશભાઈ જોષીપુરા)**
**એડી.જ્યુ.મેજી.ફસ્ટ કલાસ**
**તા.બાવળા,જિ.અમદાવાદ(ગ્રામ્ય)**
**UID No GJ**01701

એમ.જે.પરમાર - પી.એ.